**વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવા બાબત.**

ગુજરાત સરકાર,
**સામાન્ય વહીવટ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૧૧–૫–૨૦૧૦

**વંચાણમાં લીધા :–**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૪–૬–૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫
(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬–૬–૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮–૪૩૩૭૧૭–ગ.૫
(૩) નાણા વિભાગના તા.૨૯–૪–૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : ખરચ–૨૦૦૨–૫૭–ઝ.૧

**ઠરાવ :–**

સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલા ક્રમ(૧) સામેના તારીખ :૪–૬–૨૦૦૯ના ઠરાવથી વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીકસ પગારથી નિમણુંક આપવા અંગેના હુકમો કરવામાં આવેલ છે. આ ઠરાવ સાથેના પત્રક–૪માં જે ફીકસ પગારની વિગતો આપવામાં આવી હતી તેમાં વંચાણમાં લીધેલા ક્રમ(૨) સામેના તા.૧૬–૬–૦૯ના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે. નાણા વિભાગના વંચાણમાં લીધેલા ક્રમ(૩) સામેના તા.૨૯–૪–૨૦૧૦ના ઠરાવથી ફીકસ પગારમાં સુધારો કરવામાં આવેલ છે. તેને ધ્યાને લેતાં વંચાણમાં લીધેલા તા.૪–૬–૨૦૦૯ના ઠરાવ સાથેના પત્રક –૪માં દર્શાવેલ ફીકસ પગારમાં આ સાથે સામેલ પત્રક મુજબ આથી સુધારો કરવામાં આવે છે. આ સુધારેલ ફીકસ પગારનો અમલ તા.૧–૫–૨૦૧૦થી કરવાનો રહેશે. વંચાણમાં લીધેલ તા.૪–૬–૨૦૦૯ના ઠરાવમાં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સી.વી.પવાર**
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ

**બિડાણ :–** ઉપર મુજબ.
પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ.
- સચિવાલયના તમામ વિભાગો
- તમામ ખાતાના વડાઓ
- વેબ માસ્ટર
  સરકારની વેબસાઈટ / જી.આર. બુકમાં મુકવાની વિનંતી સાથે.
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઈલ ગ.પ–શાખા

---

➢ પત્ર ધ્વારા.

(સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૧–૫–૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૧–૨૦૦૮ –૪૩૩૭૧૭–ગ.૫નું બિડાણ)

## પત્રક–૪

## કરાર આધારે નિમણુંક મેળવનાર ઉમેદવારને જે તે જગ્યાના પગાર ધોરણ અન્વયે જે માસિક ફીકસ પગારથી નિમણુંક આપવાની છે તેની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વર્ગ | પગાર ધોરણ | હાલનો માસિક ફીકસ પગાર | સુધાર્યા મુજબનો માસિક ફીકસ પગાર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૪ |
| ૧. | વર્ગ–૪ | ૨૫૫૦–૩૨૦૦ | રૂા.૧૫૦૦/– | રૂા.૩૫૦૦/– |
| ૨. | વર્ગ–૪ | ૨૬૧૦–૩૫૪૦ | રૂા.૧૫૦૦/– | રૂા.૩૫૦૦/– |
| ૩. | વર્ગ–૪ | ૨૬૫૦–૪૦૦૦ | રૂા.૧૫૦૦/– | રૂા.૩૫૦૦/– |
| ૪. | વર્ગ–૪ | ૨૭૫૦–૪૪૦૦ | રૂા.૧૫૦૦/– | રૂા.૪૫૦૦/– |
| ૫. | વર્ગ–૩ | ૩૦૫૦–૪૫૯૦ | રૂા.૨૫૦૦/– | રૂા.૪૫૦૦/– |
| ૬. | વર્ગ–૩ | ૪૦૦૦–૬૦૦૦ | રૂા.૨૫૦૦/– | રૂા.૪૫૦૦/– |
| ૭. | વર્ગ–૩ | ૪૫૦૦–૭૦૦૦ | રૂા.૩૫૦૦/– | રૂા.૫૦૦૦/– |
| ૮. | વર્ગ–૩ | ૫૦૦૦–૮૦૦૦ | રૂા.૩૫૦૦/– | રૂા.૫૦૦૦/– |
| ૯. | વર્ગ–૩ | ૫૫૦૦–૯૦૦૦ | રૂા.૪૫૦૦/– | રૂા.૬૦૦૦/– |
| ૧૦. | વર્ગ–૩ | ૬૫૦૦–૧૦૫૦૦ | રૂા.૪૫૦૦/– | રૂા.૬૦૦૦/– |

**સી.વી.પવાર**
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ